235

રાજયના વિકલાંગ વ્યકિતઓને શિક્ષણ
તાલીમ અને સામુહિક પુનઃસ્થાપમ માટે
મહર્ષિ અષ્ટાવક્ર સમુદાય આધારિત વિકલાંગ
પુનઃ સ્થાપન યોજના.

ગુજરાત સરકાર
સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ
ઠરાવ કમાંકઃઅપગ/૧૦૯૯/ન.બા.૧/૭૧
સચિવાલય,ગાંધીનગર.
તારીખઃ૩૧/૩/૨૦૦૪.

**વંચાણે લીધા:**

(૧) સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગનો ઠરાવ કમાકઃઅપગ/૧૦૯૯/ન.બા.૧/૭૧ તાઃ૪/૧/૨૦૦૧.

(૨) નિયામક સમાજસુરક્ષા ખાતુ,ગાંધીનગરનો તાઃ૨૪/૨/૦૪ ના પત્રકમાંકઃઅપગ/૪૮/ ૨૦૦૪.

**ઠરાવઃ**

વિકલાંગ કલ્યાણ માટે કેન્દ/રાજય સરકાર તેમજ સામાજીક અને સ્વૈચ્છિક સંસ્થાઓ તરફથી ચલાવવામાં આવતી વિવિધ યોજનાઓની જાણકારી અપંગ વ્યકિતઓને મળે અને તેનો લાભ મેળવી શકે તે માટે સમાજ સુરક્ષા ખાતા દવારા વિકલાગ કલ્યાણ યોજનાના ભાગરુપે અપંગોને શિક્ષણ, આરોગ્ય, તાલીમ અને પુનઃવસવાટને લગતી વિવિધ જાણકારી તાલુકા/ગામ્ય કક્ષાએ ઉપલબ્ધ થાય તે હેતુથી સરકારશ્રીએ સમુદાય આધારીત પુનઃવસવાટ યોજના આમુખ(૧)આગળના ઠરાવથી અમલમા મુકેલ છે.આ યોજના અંતર્ગત તાલુકા કક્ષાએ પસદગી પામેલ સસ્થાઓને રુા.૪૫,૦૦૦ ની એક મોટર સાયકલ તથા રુા.૨૦૦૦ની એક એવી બાર સાયકલો ફાળવવામા આવે છે..

૨) નિયામકશ્રી સ.સુ.ખાતા દવારા આ યોજનાની કામગીરીનુ મુલ્યાંકન કરતા આ સાધનોની સંસ્થા દવારા યોગ્ય જાળવણી થતી નથી તેમજ આ સાધનો જે હેતુ માટે વાપરવાના હતા તે હેતુ માટે વપરાતા ન હોવાથી સસ્થાને અપાતી મોટર સાયકલ તથા સાયકલની જોગવાઈ રદ કરવા આમુખ(૨)આગળના પત્રથી દરખાસ્ત કરેલ છે.

૩) પસ્તુત બાબતે સકિય વિચારણાને અંતે સ્વૈચ્છિક સંસ્થાને અપાતી મોટરસાયકલ તથા સાયકલની જોગવાઈ આથી રદ કરવાનુ ઠરાવવામા આવે છે.

૨૨૧

236

૪)સરકારના તા:૪–૧–૨૦૦૧ ના ઠરાવના પાન ૫ ઉપરના ફકરા ૪(૪)(૨) અનાવર્ત ખર્ચ નીચેના નીચે જણાવેલ શબ્દો રદ કરવામાં આવે છે.

"૧. મોટર સાયકલ (૧) ૪૫૦૦૦

૨. સાયકલ (૧૨) ૨૪૦૦૦

કુલ– ૬૯૦૦૦/– "

ઉકત ઠરાવના પાન.૬ ઉપરની બીજી લાઈનમા "(૨)અનાવર્તક–૧,૨૧,૦૦૦/–"ના બદલે (૨)અનાવર્તક–૫૨,૦૦૦/–" શબ્દો વાચવા.અને ત્રીજી લાઈનમા "દરેક તાલુકા માટે થનાર કુલ ખર્ચ રૂા.૭,૦૩,૦૦૦/–ને બદલે"દરેક તાલુકા માટે થનાર કુલ ખર્ચ રૂા.૬,૩૪,૦૦૦/–"વાંચવુ.

૫) અત્યારસુધી અપાયેલ સાધનોની જાહેર હરાજી કરી મળનાર રકમનો ઉપયોગ આયોજનમાં કરવા નિયામકશ્રી(સમાજ સુરક્ષા)ખાતાએ કાર્યવાહી કરવાની રહેશે.

૬) આમુખ ના ઠરાવની અન્ય શરતો યથાવત રહેશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(એન.કે.પટેલ)
ઉપસચિવ
સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ

પ્રતિ,

મા.મુખ્યમંત્રીશ્રીના અગસચિવશ્રી,સચિવાલય,ગાંધીનગર.

મા.મંત્રીશ્રી(સામાજીક ન્યાય અને અધિકારીતા)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.

✓ નિયામકશ્રી,સમાજ સુરક્ષા ખાતુ,ગાંધીનગર.

એકાઉન્ટન્ટ જનરલ અમદાવાદ/રાજકોટ.

પગાર અને હિસાબી અધિકારીશ્રી,અમદાવાદ/ગાધીનગર.

સર્વે જીલ્લા સમાજસુરક્ષા અધિકારીશ્રીઓ

સર્વે જીલ્લા તિજોરી અધિકારીશ્રીઓ.

પસંદગી ફાઈલ

નાયબ સેકશન અધિકારીશ્રી પસંદગી ફાઈલ.